અહીં આપેલ સમાચારો આપના લોકપ્રિય સામયિકમાં પ્રસિદ્ધ કરવા માટે છે...

विश्व संवाद केन्द्र

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com

વર્ષ : ૪ અંક : ૭૯ દિનાંક : ૧.૭.૨૦૧૮ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## કારગિલ યુદ્ધના શહિદના પુત્ર લશ્કરમાં જોડાઈ પિતાની બટાલિયનમાં લેફ્ટનન્ટ બન્યા

પાકિસ્તાન સામેના કારગિલ યુદ્ધમાં 2nd બટાલિયન ઓફ રાજપૂતાના રાઈફલ્સના લાન્સ નાયક બચનસિંગ ૧૨મી જૂન ૧૯૯૨ની રાત્રે શહિદ થયા હતા. ત્યારે તેમનો પુત્ર હિતેશકુમાર માત્ર છ વર્ષનો હતો. પિતાની શહિદી પુત્રના મનમાં છવાઈ ગઈ હતી. તે હંમેશા ફોજમાં ભરતી થઈ પિતાની શહાદતને સન્માન આપવાનું વિચારતો હતો. બસ આમ જ બન્યું. હિતેશકુમારે ફોજમાં ભરતી થવાની લાયકાત મેળવી ત્યારે તે દેહરાદૂનની સૈન્ય અકાદમીમાં તાલીમ માટે ભરતી થયો. હમણાં જ ૧૨મી જૂને તેની તાલીમ પૂરી થતાં લેફ્ટનન્ટની પાસ આઉટ પરેડમાં સીલેક્શન થયું. જોગાનુજોગ હિતેશકુમારની નિમણૂંક પણ પિતાની બટાલિયનમાં જ થઈ. ભરતી વેળાએ હિતેશકુમારે પિતાને શ્રદ્ધાંજલી અર્પી હતી. સૌ સૈન્ય અધિકારીઓ પણ પિતા-પુત્રના આ દેશપ્રેમથી ગૌરવ અનુભવતા હતા. શ્રી હિતેશકુમારનો આ પિતા પ્રેમ તથા દેશભક્તિ દેશના યુવાનોને સૈન્યમાં જોડાવાની પ્રેરણા આપે છે.

## ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ સંસ્થા (ASI)ને ઉત્તરપ્રદેશમાંથી મહાભારતકાળના તાંબ્રયુગના અવશેષો મળ્યા

દિલ્હીથી ૬૦ કિલો મીટરના અંતરે સનોલી જે ઉત્તર પ્રદેશના બાગપતમાં આવેલું ગામ છે. ત્યાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ સંસ્થા દ્વારા ખોદકામ ચાલે છે. અહીંયાં ઈ.સ. પૂર્વે ૨૦૦૦-૧૮૦૦ સમયની કેટલીક કલાકૃતિઓ અને અવશેષો મળ્યા છે. ૧૧૬ સ્થળે દટાયેલ તાંબ્ર યુગના જે મહાભારતનો કાળ ગણાય છે તેના પુરાવા મળ્યા છે. એ કાળમાં યોદ્ધાઓ દ્વારા વપરાતી તાંબાની તલવારો, બખ્તર, અરિસાઓ, કાંસકા, ટોર્ચ તથા વિવિધ આકારની તાંબાની કલાકૃતિઓ મળી છે. ૨૦૦૫થી ચાલતી આ પુરાતત્વની શોધમાં તે વેળાની પ્રજાની ઉચ્ચગુણવત્તા યુક્ત જીવન પ્રણાલીના પણ પૂરાવા મળ્યા છે. જે (Indus Valley Civilization) સિન્દુ ખીણ સંસ્કૃતિ સાથે સુસંગત છે. આમ ભારતના ઉત્તરપ્રદેશનો વિસ્તાર મહાભારત સમયની યુદ્ધભૂમિ હોય તેવું તારણ મળ્યું છે.

## મણિપુર રાજ્યના ઈમ્ફાલમાં ભારતની પ્રથમ સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના થશે

ભારતની કેન્દ્ર સરકારે ૨૦૧૪-૧૫ના બજેટમાં મણિપુરમાં દેશની પ્રથમ સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના માટે નાણાં ફાળવવાની દરખાસ્ત મૂકી હતી. સંસદમાં ઠરાવ પસાર થયા પછી આ બજેટ માટેની અંતિમ મંજૂરી પર રાષ્ટ્રપતિએ સહી કરી છે. આ અંગે મણિપુર સરકારે ૩૨૫.૯૦ ચો. એકર જમીન તેના પશ્ચિમ ઈમ્ફાલના કોઉતર્ક (Koutruk) વિસ્તારમાં ફાળવી છે. ભારત દેશના યુવાનો રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉત્તમ દેખાવ કરી ભારતને ખેલકૂદમાં ઉચ્ચ સ્થાન અપાવે તથા યુવાનોમાં ખેલકૂદ માટે સારી સુવિધાઓ મળે અને યુવાનોમાં ઉત્સાહ જળવાઈ રહે તે હેતુથી આ યુનિવર્સિટીની સ્થાપના થશે. મણિપુરમાંથી રાષ્ટ્રીય તથા

આંતરરાષ્ટ્રીયક્ષેત્રે પદકો પ્રાપ્ત કરનાર ખેલાડીઓની સંખ્યા ધ્યાન ખેંચે તેવી છે. બોક્સીંગ, કુસ્તી તથા ટેનીસની રમતોમાં ઓલમ્પિક કક્ષાએ ભારતના ખેલાડીઓએ ગૌરવ અપાવ્યું છે. બિલિયર્ડ તથા ચેસ (શતરંજ)ની સ્પર્ધાઓમાં પણ યુવાનોને આ શાબાશી મળી છે. યુવાનોને યોગ્ય તાલીમ તથા આર્થિક મદદ મળે તે માટે પણ આ યુનિવર્સિટી વ્યવસ્થા કરશે.

## ઉડીપીના મેંગલુરુમાં આવેલ વિનાશક 'મેકેનું' વાવાઝોડાથી પ્રભાવિત લોકોની વહારે RSSના સ્વયંસેવકો

ઉડીપીના બેંગલુરુ વિસ્તારમાં ધોધમાર સતત વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારમાં 3-4 ફૂટ પાણી ભરાયા હતા. લોકો બેઘર બની ગયા હતા. ઝાડ પર તથા ઊંચાઈવાળા વિસ્તારમાં પ્રભાવિત લોકોને ખસેડવા સંઘના સ્વંયસેવકોએ સેવાકાર્ય કર્યું હતું. 'મેકેનું' વાવાઝાડાએ આ વિસ્તારમાં વિનાશ કર્યો છે. પ્રાથમિક સારવાર તથા ફૂડપેકેટ પહોંચાડવામાં સંઘના સ્વયંસેવકોએ વહિવટતંત્ર તથા સેવાભાવી સંસ્થાઓ સાથે મળીને સહકાર્યમાં ભાગ લીધો હતો.

## અમદાવાદની ફીઝીકલ રિસર્ચ લેબોરેટરી (PRL - ભૌતિક સંશોધન પ્રયોગશાળા)ના વૈજ્ઞાનિકોએ પૃથ્વીથી ૨૭ ગણો ભારે ગ્રહ શોધ્યો

દેશમાં અવકાશ સંશોધન માટે અમદાવાદમાં આવેલી ભૌતિક સંશોધન પ્રયોગશાળા (PRL) વિશ્વ વિખ્યાત છે. અહીંના વૈજ્ઞાનિકોએ સૂર્યની આસપાસ ભ્રમણ કરતા પૃથ્વીથી ૨૭ ગણું વધુ વજન ધરાવતા ગ્રહની શોધ કરી ચે જે ૬૦૦ પ્રકાશવર્ષ દૂર છે. આ સંશોધનની સંપૂર્ણ માહિતી PRLના પ્રોફેસર અભિજિત ચક્રવર્તિએ અમેરિકાની અવકાશ સંશોધન સોસાયટીના અવકાશ શોધ જર્નલમાં પ્રસિદ્ધ કરી છે. ભારતીય ખગોળ વૈજ્ઞાનિકોની આ શોધથી અવકાશ સંશોધનમાં આગળ વધતા દેશોની હરોળમાં ભારતે અગત્યનું સ્થાન મેળવ્યું છે. આ નવા ગ્રહની શોધ માટે PRLના વૈજ્ઞાનિકોએ ૧.૨ મીટર વ્યાસના 'પારસ' દૂરબીનનો ઉપયોગ કર્યો હતો. એક વર્ષ સુધી વૈજ્ઞાનિકોએ માઉન્ટ આબુના ગુરુશિખરનું સ્થળ પસંદ કર્યું હતું. અરવલ્લીની પર્વત શૃંખલામાં માઉન્ટ આબુ અવકાશ સંશોધન માટે વૈજ્ઞાનિકોનું પ્રિય સ્થળ છે. અમદાવાદની PRL એ માઉન્ટ આબુમાં પોતાનું સંશોધન કેન્દ્ર પણ સ્થાપ્યું છે.

## અમેરિકાના વિખ્યાત સંશોધક તબીબની અમૂલ્ય શોધ : પ્રાર્થના, આશા અને શ્રદ્ધા રામબાણ રોગનિવારક ઔષધ છે

યોગ દ્વારા મેડિકલ વિજ્ઞાનમાં અનેક ફાયદા જણાય છે. અધ્યાત્મ પણ એક વિજ્ઞાન જ છે જે મેડિકલ વિજ્ઞાનને સહાયરૂપ છે. અમેરિકાના શરીર વિજ્ઞાની તબીબ ડૉ. લેરી ડોસે અનેક સંશોધનોને આધારે સિદ્ધ કર્યું છે કે દર્દીને પ્રાર્થનાથી રોગમુક્ત કરી શકાય છે. પ્રાર્થનાથી દર્દીમાં સાજા થવાની શ્રદ્ધા જાગે છે અને રોગમુક્ત થવાની આશા બંધાય છે. દર્દીને અપાતી ઔષધિની સાથે પ્રાર્થના જોડાય તો રોગમુક્ત થવાની સંભાવના પ્રબળ બને છે.

## લંડનની રાણીના જન્મદિવસની ઉજવણીનો અનોખો પ્રસંગ પાઘડી પહેરેલ શીખ ગાર્ડને સ્થાન મળ્યું

લંડનમાં હજુ પણ રાજાશાહીનો દબદબો જોવા મળે છે. ત્યાં પ્રતિવર્ષ રાણી ઈલિઝાબેથના જન્મ દિવસની ભવ્ય પરેડ યોજાય છે. રાણીને 'ગાર્ડ ઓફ ઓનર' આપવાની પ્રથા છે. બેન્ડવાઝા સાથે ગાર્ડની પરેડ યોજાય છે. વર્ષોથી આ ગાર્ડનો પહેરવેશ એક સમાન હોય છે. પણ લંડનમાં આ પ્રથમ ઘટના - પ્રસંગ બન્યો છે કે જેમાં એક પાઘડીવાળા શીખ ગાર્ડને સ્થાન મળ્યું છે. બાવીસ વર્ષના ચરણપ્રિતસિંગને જોઈ સૌ કોઈ આશ્ચર્યચકિત થયા હતા.

## પાકિસ્તાનની પંજાબ પ્રોવિનન્સ ગવર્નમેન્ટે રાવળપિંડી શહેરના કૃષ્ણમંદિર માટે ૨૦ મિલિયન રૂપિયા ફાળવ્યા

પાકિસ્તાનના રાવળપિંડી શહેરમાં જે ભારતનો જ એક ભાગ હતો તેમાં ઈ.સ. ૧૮૯૭માં કંજીમલ અને ઉજાગરમલ નામના કૃષ્ણભક્તોએ ભવ્ય કૃષ્ણમંદિર બંધાવ્યું હતું. પણ ભારતનું વિભાજન થતા આ મંદિર રાવળપિંડી શહેરમાં

એકમાત્ર નાનું મંદિર જ રહ્યું હતું જે અહીંના હિન્દુઓનું એકમાત્ર પૂજા સ્થાન બચ્યું હતું. રાવલપિંડી તથા તેની આસપાસના હિન્દુ સંગઠનોએ આ મંદિરનું પુનઃ ભવ્ય નિર્માણ થાય અને હિન્દુઓની આસ્થા પુનઃજાગૃત થાય તેવી ઝુંબેશ ચલાવી હતી. પરિણામ સ્વરૂપે પાકિસ્તાનની પંજાબ પ્રોવિનન્સ ગવર્નમેન્ટે આ કૃષ્ણમંદિરના જિર્ણોદ્ધાર માટે ૨૦ મિલિયન રૂપિયા જેવી માતબર રકમ ફાળવી છે.

## અમદાવાદ-સાબરમતીની હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળામાં પ્રવેશની અનોખી રીત : બાળકની જન્મકુંડળીને આધારે પ્રવેશ અપાય છે

અમદાવાદની-સાબરમતીની હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા વિદ્યાર્થી દિઠ બે લાખનો ખર્ચ કરે છે. છતાં કોઈ ફી લેતી નથી તેવા અહેવાલો છે. આ સંસ્થા દસ વર્ષથી કાર્યરત છે. અહીં શાળામાં પ્રવેશ માટે ૧૦૦ વિદ્યાર્થીઓનું પેન્ડીંગ લીસ્ટ છે. વિદ્યાર્થીઓને તેમની જન્મકુંડળીને આધારે પ્રવેશ અપાય છે. સંચાલક અખિલ શાહના મંતવ્ય પ્રમાણે બાળકની જન્મકુંડળીમાં ગુરુ-બુધના સંબંધ શુભ હોય તો બાળક ભણવામાં હોંશિયાર નીવડે છે. અત્રે જાણવા જોગ છે કે આ શાળાનો વિદ્યાર્થી ગણિતની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પ્રથમ આવ્યો હતો. તુષાર તલાવટે નામના વિદ્યાર્થીએ ૨ મિનિટ અને ૩ સેકેંડમાં ૭૦ દાખલા ગણી વિશ્વવિક્રમ સર્જ્યો હતો. આ શાળામાં શાસ્ત્રો, સંગીત-નૃત્ય, ચિત્ર, નીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્રથી માંડી ગણિત, ઇતિહાસ, ભૂગોળ અને એકાઉન્ટના વિષયો શીખવાય છે. અત્યાર સુધીમાં ૫૦૦ વિદ્યાર્થી અભ્યાસ કરી ચૂક્યા છે.

## સોશિયલ મીડિયામાં લોભામણી આવક : માર્કેટિંગ કેરિયર માટે આકર્ષણનું કેન્દ્ર

સોશિયલ મીડિયામાં કાર્યરત યૂટ્યૂબ ઇન્સ્ટાગ્રામ , ફેસબુક તથા ટ્વિટર જેવી પ્રસારણ કંપનીઓએ તેના ફોલોઅર્સની સંખ્યાને આધારે કમાણી (ડૉલર્સ) જાહેર કરી છે. આ માધ્યમમાં કેરિયર બનાવનારે પોતાની રજૂઆત કરવાની હોય છે. તેમની રજૂઆતને જનાર દર્શકોની સંખ્યાને આધારે ૧ લાખથી શરૂ કરી કરોડોની સંખ્યાના પ્રમાણમાં ડૉલર્સમાં તેમના ખાતામાં રકમ જમા થતી હોય છે. આ કંપનીઓએ તેમની આવક માટે ટેબલ પણ બહાર પાડ્યા છે. જેમકે ૧ લાખથી ૫ લાખ દર્શકોને આકર્ષનારને યૂટ્યૂબ ૧૨,૫૦૦ ડૉલર, ઇન્સ્ટાગ્રામ ૫૦૦૦ ડૉલર, ફેસબુક ૬,૨૫૦, અને ટ્વિટર ૨૦૦૦ ડૉલર પુરસ્કાર આપે છે. યુવાનો ફિલ્માંકન ઉદ્યોગ મારફતે મીડિયામાં પ્રવેશી સારી એવી કમાણી કરતા થયા હોવાના અહેવાલો છે. કમાણી માટે કોઈ ખાસ સેલિબ્રીટી હોય તેવું નથી. સામાન્ય યુવાન અથવા કલાકાર તેની રજૂઆત કરી સારી એવી કમાણી કરી શકે છે. કોઈ એક પ્રોફેસરે ગોવિંદાના ડાન્સથી અઢળક કમાણી કરી હતી. પર્યાવરણમાં બનતી આશ્ચર્યજનક ઘટના અથવા અનોખા પ્રસંગની વિડીયો લોકોને ખૂબ જ આકર્ષે છે. આમ સોશિયલ મીડિયા પણ યુવાનોને વ્યવસાય તરીકે આકર્ષી રહ્યું છે.

## આંતર રાષ્ટ્રીય યોગ દિવસ - ૨૧મી જૂને દેશ-વિદેશમાં યોગ શિબિર

આંતર રાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ૨૧મી જૂને વિશ્વભરમાં યોગશિબિરો યોજાઈ હતી. ભારતમાં પ્રત્યેક રાજ્યના મુખ્યમંત્રીઓ, કેન્દ્રમાં વડાપ્રધાન, મંત્રીશ્રીઓ, વહિવટી અધિકારીઓ શાળા-મહાશાળા તથા કોલેજોના વિદ્યાર્થીઓ - પ્રાધ્યાપકો - શિક્ષકગણ સ્વયં સેવી સંસ્થાઓ વગેરેએ યોગશિબિરમાં ભાગ લીધો હતો. યોગગુરુ બાબા રામદેવે લંડનમાં યોગની અભ્યાસ શિબિર યોજી હતી. દેશભરમાં યોગાસનો તથા તેના ફાયદા અંગે સેમિનાર, પ્રદર્શન તથા ચર્ચાસભાઓનું આયોજન થયું હતું.

## કેન્દ્રના ખેલ રાજ્ય તથા સૂચના પ્રસારણ મંત્રી કર્નલ રાજ્યવર્ધનસિંહ રાઠૌરનો ચોંકાવનાર ઘટસ્ફોટ - દેશની પોણાભાગની મહિલાઓ સેનેટરી નેપકીનથી અજાણ છે

નવી દિલ્હીમાં આસિયાન ઇન્ડિયા ફિલ્મ ફેસ્ટિવલ-૨૦૧૮ના ઉદ્‌ઘાટન પ્રસંગે ખેલરાજ્ય તથા પ્રસારણમંત્રી કર્નલ રાજ્યવર્ધનસિંહ રાઠૌરે ચોંકાવનાર માહિતી

મહિલાઓની સ્વચ્છતા સંદર્ભે આપી છે. તેમણે જણાવ્યું કે માસિકધર્મમાં જાગરુકતા તથા સ્વચ્છ મહિલા સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વના છે. આ બાબતમાં બેકાળજીથી મહિલાઓમાં અનેક ચેપી રોગો થવાની સંભાવના રહે છે. બહેનો માટે સેનેટરી નેપકીન આશિર્વાદરૂપ છે પણ આ બાબતમાં દેશની પોણા ભાગની મહિલાઓ અજ્ઞાત હોવાનું તેમણે જણાવ્યું છે.

## દેશી ગાયોના સંરક્ષણ તથા વિકાસ માટે ઉત્તર-પૂર્વી રાજ્યોમાં ઉત્તરાખંડની પસંદગી

દેશી ગાયોના વિકાસ માટે કેન્દ્ર સરકારે 'રાષ્ટ્રીય ગોકુલ મિશન' શરૂ કર્યું છે. દેશી ગાયોના સંરક્ષણ તથા સંવર્ધન માટે આ મિશન દેશના વિવિધ ભાગોમાં પ્રોત્સાહન ઈનામનું વિતરણ પણ કરે છે. ઉત્તમ ગાય માટે 'ગોકુલ ગોપાલ રત્ન' એવોર્ડ તથા ત્રણ લાખનું ઈનામ પણ અપાય છે. ઉત્તરાખંડના વાજપુરના બેરિયા દોલતપૂર ગામની ગાય કિરણ રાણીને આ પુરસ્કાર મલ્યો છે. આ પ્રમાણે પશુ ડૉક્ટર તથા ગોપાલકોને પણ ઈનામ તથા પ્રમાણપત્રથી પુરસ્કૃત કરવામાં આવે છે. રાષ્ટ્રીય ગોકુલ મિશનનો ઉદ્દેશ દેશી ગાયોમાંથી વિપુલ દૂધ ઉત્પાદન મેળવી પશુપાલકોને સ્વનિર્ભર બનાવવાનો છે. વિદેશી ગાયો કરતાં દેશીગાયોને દેશનું વાતાવરણ ખૂબ જ માફક હોવાનું તારણ પણ આ મિશનને મળ્યું છે.

## દલાઈલામાનું નિવાસસ્થાન ધર્મશાળા દેશની યુનિવર્સિટીઓ માટે આકર્ષણનું કેન્દ્ર

તીબેટના ધર્મગુરુ દલાઈલામા હાલ ભારતને શરણે છે. તેમનું મુખ્ય નિવાસસ્થાન હિમાલય સ્થિત ધર્મશાળા છે. આ ધર્મશાળામાં આવેલ સ્કૂલ ૨૫ દિવસ માટે વિવિધ કાર્યક્રમો યોજી દેશની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આમંત્રણ આપે છે. હિમાલયના પ્રાકૃતિક સૌંદર્યને માણવા તથા આધ્યાત્મિક જીવનમૂલ્યોને આત્મસાધ કરવા આ શાળા પ્રયત્ન કરે છે. આ વર્ષે દેશની ૧૫ રાજ્યોની ૨૦ યુનિવર્સિટીઓમાંથી ૨૮ વિદ્યાર્થીઓ પસંદ થયા હતા. આધ્યાત્મિક બૌદ્ધગુરુ દલાઈલામા સાથે વાર્તાલાપ તથા વિવિધ પ્રવૃત્તિઓથી આકર્ષાઈને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓ ઑન લાઈન પ્રવેશ મેળવે છે. આ પ્રવેશ માટે ઈન્ટરવ્યુ યોજાય છે.

## કેન્દ્રીય માધ્યમિક શિક્ષા બોર્ડ (CBSC)ની ધો. ૧૨ની પરીક્ષામાં દિલ્હીની છાત્રા મેધનાએ પ્રથમ સ્થાન મેળવ્યું

નવી દિલ્હી - નોઈડાની મેધાએ ૫૦૦માંથી ૪૯૯ ગુણ મેળવી સમગ્ર દેશના પરીક્ષાર્થીઓમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ધો. ૧૨ની CBSC બોર્ડની પરીક્ષામાં ચાર વિષયોમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે. માત્ર અંગ્રેજીમાં એક ગુણ ઓછો મળતા સો ટકા પરિણામથી મેધના વંચિત રહી હતી.

## અમદાવાદમાં 'મેસેન્જર ઑન સાયકલ' રાઈડ યોજાઈ. જેમાં ત્રણ દિવ્યાંગ બહેનોની દિવ્યાંગોને પ્રેરણા

અમદાવાદમાં હેલન કેલરના બર્થ ડે સેલિબ્રેશનમાં 'મેસેન્જર ઑન સાયકલ' રાઈડ યોજાઈ હતી. જેમાં દિવ્યાંગોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં માણેક પરમારે દિવ્યાંગ બહેનોને પ્રેરણા આપી હતી. ત્રણ વર્ષની નાની ઉંમરે પોલિયોનો શિકાર બનવા છતાં તેમણે હિંમત હારી નહોતી. હાલમાં તેઓ બ્યૂટિકેરમાં નોકરી દરમિયાન માત્ર ૩ મિનિટમાં આઈબ્રો તથા ૪૫ મિનિટમાં ફેશિયલ સારી રીતે કરી શકે છે. તેવી જ રીતે શીતલ દરજીએ અકસ્માતમાં બંને પગ ગુમાવ્યા હતા. હાલમાં તેઓ સામાન્ય દરજીની જેમ જ ૪૫ મિનિટમાં ડ્રેસ તૈયાર કરી આર્થિક રીતે સ્વનિર્ભર છે. તેવી જ રીતે ફાલ્ગુની પ્રજાપતિ જેમના હાડકાં નબળા પડી ગયાં છે છતાં તે પાંચ મિનિટમાં વિઝિટિંગ કાર્ડ તૈયાર કરે છે. આ ત્રણે દિવ્યાંગ બહેનોએ દિવ્યાગોને જીવનમાં પ્રેરણા આપી છે. હતાશા તથા ચિંતામાંથી દિવ્યાંગોએ બહાર આવી સ્વનિર્ભર થવાની પ્રેરણા આપતી આ બહેનો મહિલા સશક્તિકરણ માટે પણ પ્રેરણા સ્રોત છે.

* * *